**Criminal Case No.5648-2023**

**Exhibit No.-______**

## O R D E R

આજરોજ નામદાર ગુજરાત હાઈકોર્ટના પરિપત્ર અન્વયે લોક અદાલતમાં સ્પેશીયલ સીટીંગનું આયોજન કરવમાં આવેલ છે.

ફરીયાદપક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, આ કામના આરોપીએ આંક : ૦૧ માં જણાવેલ સમયે અને તારીખે પોતાના હવાલાવાળુ વાહન જાહેર રોડ ઉપર ટ્રાફીકને અડચણરુપ થાય તે રીતે રોડ વચ્ચે ઉભુ રાખી મળી અવતાં હોય જેથી જીલ્લા મેજી.સાહેબશ્રીના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો.ની કલમ–૨૮૩ મુજબનો ગુન્હો કર્યાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો આપતાં આરોપી પ્રથમ તબકકે ગુન્હા અંગે કબુલાત પુરશીશ રજુ કરી ગુન્હો કબુલ કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતાં આરોપી સ્વેચ્છાપૂર્વક ગુન્હો કબુલ કરે છે. આરોપી કબુલાત પુરશીશમાં જણાવે છે કે, તેઓ કાયદાના અજ્ઞાન માણસ હોય અજ્ઞાનતાથી ગુન્હો દાખલ થયેલ છે જેથી દયા દાખવવા રજુઆત કરેલી છે.

આરોપીને ગુન્હાની ગુભીરતા સમજાવવા છતાં ગુન્હાની કબુલાતને વળગી રહેલ છે આરોપીએ જાણીબુજીને ગુન્હો કરેલ ન હોય તેઓને સુધરવાની તક મળી રહે અને તેમણે કરેલ કૃત્યનો અહેસાસ તેમને થાય તે હેતુથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## :: હુકમ ::

આ કામના આરોપી હેમચંન્દ્ર શ્રીરામા નિસાદ નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ: ૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમ :: ૨૮૩ ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– અંકે રૂપીયા સો પૂરાનો દંડ નો હુકમ કરવામાં આવે છે અને દંડ ન ભરે તો દિન–૦૩ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

Date :09/09/2023
MORBI

**( J.V.Buddha )**
Add.Chief Judicial Magistrate Morbi
**UNIQUE CODE NO : GJ01179**
**Special Sitting Proceeding**

Guj.Steno.
D B TOTA